## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કરી જાગીર, સત્તા સુમેળે, સંજોગ સીંચે છે,*
*આયુર્વેદીક નામે દવા દઈ રોગ ખેંચે છે,*
*રેંચે છે લોક શુદ્ધ ને સાત્ત્વિક નૂડલ્સે નામે -*
*ભારતીય સંસ્કૃતિના નામે યોગ વેંચે છે.*
*('રામ' નામે 'બાબા', દેવ થઈ ગયા!)*

હાઈકુ

*ખાનગી કુંં ને*
*આપી દો ચલાવવા -*
*મનપા તંત્ર!*
*(બગીચા ભાડે દેસે)*

*કૃષિ મેળાઓ!*
*થાય રણમાં પણ..*
*અદ્-'ભૂત' તંત્ર!!*
*(પાણી નહીં દઉં!)*

### ચિંતન

**કામ્યૈ વિશેષેરુપ ચરણમુચાર : ।**

'ચાણક્યનીતિ' શાસ્ત્રનું આ સૂત્ર છે.

વિશેષ કામ્ય પ્રદાર્થો (ભૌતિક-ઉત્તેજનાદાયક-મોંઘી વસ્તુઓની ભેટ દ્વારા -ધૂર્ત (લૂચ્ચા-કપટી) લોકોની સેવા કરી શકાય છે એના દ્વારા જ એવા લોકોને પ્રસન્ન કરી શકાય છે.

આજકાલ નાના-મોટાં, ખોટા કામ-મંજૂર કરાવવાની જુદી જુદી રીત નીકળી છે. પૈસા આપવાને બદલે પ્રવાસની એર ટિકિટો - (ઉદ્યોગપતિ પોતાના ચાર્ટર વિમાનો નથી આપતા?!)

નાનાં કામ માટે ઉત્તેજક વસ્તુઓ સ્પ્રે-સાબુઓ-અત્તર વગેરે આપે.

વ્યસન-વાસનાના શોખીનને વિદેશી દારૂ-સિગારેટ પણ આપે છે.

ધૂર્ત લોકોને ખૂશ કરવા એમના શોખની વસ્તુઓ આપવાથી પ્રસન્ન થાય છે કહ્યું છે ને જેવા દેવ તેવી પૂજા.

### સુવિચાર

- સ્વેચ્છાએ સ્વીકારેલ નિયમ એ બંધન નથી સંમય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુભવ માટે શું બાકી રાખવું?? જીવતર ના જે મારગે હું સફર કરું છું... - **શાહબુદ્દિન રાઠોડ**
- કોઈ ગુલામીથી કમજોર બનતું નથી...
  પણ કમજોર હોય એ જ ગુલામ બને છે - **નેપોલિયન**
- જીભ તો જન્મના પહેલે દિવસે જ મળી જાય છે..
  પણ એના ઉપયોગથી કળા મેળવવામાં આખી જિંદગી નકીળી જાય છે - **મોરારિ બાપુ**
- ગમ યહ નહીં કી જો મીલે પથ્થર કે લોગ થે...
  અફસોસ તો યે હૈ... ઈનમે ચંદ મેરે ઘર કે લોગ થે - **રજનીશ**
- દુનિયામાં રહેવાલાયક બે જ જગ્યાઓ સારી છે.. (૧) કોઈનાં દિલમાં (૨) કોઈની દુઆમાં - **અનામી**
- આજનું ઔષધ : ચણોઠીના પાનનો રસ સરસવ સરખા ભાગે લઈ દુઃખાવાના ભાગ ઉપર લગાવવાથી સોજામાં તથા દુઃખાવામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

નેતાશ્રીઓ, અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને 'ચીટ'ફંડવાળા લાંચ-કૌભાંડ-ઠગાઈ દ્વારા કરોડો-અબજો આંખ મીંચીને એકત્ર કરે છે પણ તેમનો અંતિમ સમય તો જેલમાં જ જાય છે. ખાયકીમાં જે બુદ્ધિનો ઉપયોગ કરે છે. એ બુદ્ધિથી એ એટલું નહીં વિચારતા હોય આ બધું કોના માટે.

જમીનદારના મોટાં ખેતરમાં પંખી ઊભો પાક ચણી જતાં- જમીનદારો ઉભા પાક પર જાળ બિછાવી અને પંખીને પકડી, સજા કરવાનો મનસૂબો કર્યો.

એક ચકલી પકડાઈ ગઈ. જમીનદાર ગુસ્સામાં જ હતો. સેવકને કહ્યું, 'આની પાંખો કાપી નાખો.'

સેવક ચકલી પાસે જતો હતો. ત્યાં ઉડીને એ જમીનદારના હાથ પર બેઠી. વાણી ફૂટી, કહ્યું - હું તમારી ગુન્હેગાર છું મને મારી નાખો તો પણ વાંધો નથી પણ મારા કારણે તમે અનેક નિર્દોષને પણ સજા કરશો!

જમીનદાર કહે - એ કેવી રીતે?

ચકલી કહે - હું ચણ ચરી, કેટલાક દાણા મારી ચાંચમાં ભરી જતી. મારાં બચ્ચાં - ઉપરાંત મારા વૃદ્ધ માતા-પિતા અને એક અપંગ ચકલીને પણ એ દાણા ખવડાવતી હતી. હું એકલી મારું પેટ ભરું એ સ્વાર્થ છે આપણા ભાગ અને ભાગ્યમાંથી બીજા ને આપવું એ સાચું કર્તવ્ય છે એમ હું માનું છું.

## જનપ્રતિનિધિઓએ ગૃહની ગરિમા જાળવવી જોઈએ

### તંત્રીસ્થાનેથી....

ગાંધીનગર મહાનગર પાલિકામાં મહિલા મેયર સાથે ગૃહમાં જે વ્યવહાર થયો તે કોઈ પણ સુસંસ્કૃત સમાજ માટે શરમજનક ગણાવો જોઈએ. મુદ્દાઓ પરત્વે વિરોધ હોઈ શકે, એ વિશે વાદ-વિવાદ પણ થઈ શકે, બલકે શાસક પક્ષ એની મનમાની કરતો હોય તો ધરણાં કે સભાત્યાગ સહિતનાં પગલાં અને એથી પણ આગળ અદાલતી કાર્યવાહી એ વિરોધ પક્ષનો લોકશાહી અધિકાર છે. પરંતુ સાવ જંગાલિયત ભર્યું બેહૂદું વર્તન પ્રજાને ચૂંટી મોકલેલા પ્રતિનિધિઓને હરગિજ શોભે નહીં. શુક્રવારે ગાંધીનગર મનપામાં જે દૃશ્યો સરજાયાં તે ગુજરાતની ગમિરા અને અસ્મિતાને આંચકો આપે તે બરનાં હતા. મેયર શ્રીમતી હંસાબેન મોદીએ આ મુદ્દે પોલીસ ફરિયાદ કરવી પડી છે તે જ સૂચવે છે કે મામલો કઈ હદે ગયો હશે. વાદવિવાદ અને મારામારી સુધીના બનાવો આપણા દેશની કેટલીક ધારાસભાઓમાં પણ થતાં રહે છે, પણ એ આપણી સાંસ્કૃતિક અને રાજકીય અપરિપક્વતાનું જ પ્રમાણ ગણાય. ધારાસભા કે પાર્લામેન્ટ ચાલુ હોય છે ત્યારે જે વરવાં દૃશ્યો સરજાય છે. તે આપણાથી અજાણ્યા નથી. આપણા માનવંતા ધારાસભ્યો અને સાંસદો વેલમાં ધસી જતાં હોય છે, કેટલાક તો અહેવાલોના લીરા ઉડાડે છે અને સૂત્રોચ્ચારો પણ કરે છે. ક્યારેક કેટલીક વિધાનસભાઓમાં માઈક પણ ઊછળતા હોય છે. દરેક માણસના સંસ્કારો મુજબ એનું વર્તન આકાર લેતું હોય છે. ગાંધીનગર એ ગુજરાતની રાજધાની છે. એથી સ્વાભાવિક રીતે જ અહીંના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પાસેથી સૌમ્ય, સૌજન્યશીલ વ્યવહારની અપેક્ષા રહે. પરંતુ સાથે જ ગાંધીનગરની મહાનગરપાલિકા એ રાજયની સૌથી નાની ઉંમરની મહાનગરપાલિકા છે, તેથી એનાં નાગરિક ધારાધોરણો પ્રસ્થાપિત થતાં થોડાં વરસ પણ લાગે તે સમજી શકાય એમ છે. આ ઘટનામાં જો કે ભરતીના નિયમોની અનદેખી કરી મામા-માસીના લોકોને હંગામી ધોરણે નોકરીમાં લીધા પછી બારોબાર કાયમી કરી નાખવાની દાનત એ ઝઘડાનું મૂળ ગણાવવામાં આવી રહ્યું છે. ખુદ શાસક પક્ષના કેટલાક સભ્યોએ પણ આ મુદ્દે હોબાળો કર્યાનું બહાર આવ્યું છે. ખોટું થતાં અટકાવવું એ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ફરજ છે; પરંતુ ખોટું થતું અટકાવવા માટે ખોટું કરવાની પદ્ધતિ બરાબર નથી. મેયરની ગરિમા એ મહાનગરપાલિકાની ગરિમા છે. આટલું સાદું સત્ય આપણા નગર સેવકોએ સમજવું જોઈએ. જો કે આપણી મનપાની રખેવાળી કરવા મોકલાયેલા જનપ્રતિનિધિઓએ અગાઉ પક્ષ પલટા કરીનેય ખુરશી બચાવેલ છે અને એમાં રાજય સરકારનો સહકાર મળતો રહ્યો છે. આવા સંસ્કારો લાંબે ગાળે લોકશાહીનું પોત પાતળું ન પાડે તો જ નવાઈ.

## ગેંડા-વિનાશને આરે

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

એક અભ્યાસ પ્રમાણે વર્ષ ૧૯૭૦થી આજદિન સુધીમાં વિશ્વના પ્રાણીઓની વસતીમાં અડધો-અડધ ઘટાડો થઈ જવા પામ્યો છે. છેલ્લા ૧૦૦ વર્ષમાં વાઘની વસતી ૯૭ ટકા, ૪૦ વર્ષમાં સિંહોની વસતી ૯૦ ટકા અને ૨૦૦૨ના વર્ષ સુધીમાં હાથીઓની વસતી ૬૦ ટકા જેટલી ઓછી ઘટી જવા પામી છે.

આ બધા મોટા કદના સસ્તન, પ્રાણીઓમાં મજબૂત અને વજનદાર એવા ગેંડા (Rhino) ને પણ સામેલ કરવા પડે તેમ છે. આપણે જાણીએ છીએ તે મુજબ જાવન ગેંડા (Jawan Rhino) પ્રજાતિ આ પૃથ્વી પરથી લુપ્ત થઈ ગઈ છે. જયારે ઉત્તરીય સફેદ ગેંડા (Northen White Rhino) ની વસ્તી આ પૃથ્વી પર ફક્ત ૬ (છ) રહી જવા પામેલ છે. તે પૈકી સુદાન દેશમાં તે ફક્ત એક જ છે. ફક્ત જૂજ બચાવવા માટે જે તે દેશની સરકારો દ્વારા ચોવીસ કલાક રક્ષણ થાય તે માટે હથિયારધારી કમાન્ડો મુકેલા છે.

ગેંડાઓના શિકાર પાછળનું મુખ્ય કારણ તેના વિશિષ્ટ શીંગડા છે. એક માન્યતા મુજબ ગેંડાના શીંગડાના પાવડરનું સેવન કરવાથી પુરુષત્વશક્તિ વધતી હોવાનું મનાય છે. આ કારણથી ખાસ કરીને એશિયાઈ દેશો ચીન અને વિયેટનામમાં ગેંડાના ચીંભડાના પાવડરની ઊંચી માંગ છે અને આ કારણે આ ગેંડાના શીંગડાનો એક કિલોનો ભાવ ૩,૦૦,૦૦૦ યુ.એસ. ડૉલર જેટલો છે. તેમાં પણ દક્ષિણ આફ્રિકાના ગેંડાઓના શીંગડા કરતાં ભારતીય ગેંડાઓના શીંગડાનો ભાવ પાંચગણો વધારે છે.

દક્ષિણ આફ્રિકા ૮૩ ટકા આફ્રિકન ગેંડા અને ૭૩ ટકા જંગલી ગેંડાઓનું વસવાટ સ્થાન છે. જયાં વર્ષ ૨૦૦૭ થી લઈને ૨૦૧૨ સુધીમાં પાંચ જ વર્ષમાં ૧૨૮૦ ગેંડાઓને મારી નાંખવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં ૬૬૮, ૨૦૧૩માં ૧૦૦૦ અને ૨૦૦૪માં ૧૦૨૦ ગેંડા એણ ૨૬૮૮ ગેંડા મરાયા હતાં. જે ગેંડાના વધી રહેલા શિકારનું પ્રમાણ દર્શાવે છે. વિશ્વમાં આ પ્રકારના થઈ રહેલા ગેરદાયકેસર વેપાર, શિકારમાં સક્રિયા એવી સીન્ડીકેટ ગેંડાના સમય અને શિકાર કરવાના સાધનોમાં અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

આપણા દેશમાં પૂર્વીય ભારત ભાગમાં આસામ રાજયમાં એક શીંગી ગેંડાની પ્રજાતી જોવા મળે છે. એક આંકડા પ્રમાણએ દેશમાં ૨૫ ગેંડાના થયેલા શિકાર પૈકી ૨૩ ગેંડા સુપ્રસિદ્ધ કાઝીરંગા નેશનલ પાર્કના હતા. અને બાકીના ૨ (બે) અબીગા અભ્યારણ્યના હતા. શિકારની ગંભીરતા એ વાત જાણવાથી સમજી શકાશે કે ૨૦૧૧ થી ૨૦૧૪ સુધીમાં ગેંડાનો શિકાર કરવા આવેલ ૪૧ જેટલા શિકારીઓ ફોરેસ્ટ ગાર્ડ સાથેની અથડામણમાં માર્યા ગયા છે. વધુ નવાઈની વાત એ છે કે આ ૪૧ પૈકી એક પણ શિકારીની ઓળખ સુદ્ધા થઈ શકેલ નથી. બીજી ગંભીર વાત એ છે કે અત્યાર સુધીમાં પકડાયેલા ૨૫૩ જેટલા શિકારીઓ પૈકી ૨૦૮ - કાઝીરંગા, ૧૧ પબીત્રા અને ૩૪ - માનસ રાષ્ટ્રય ઉદ્યાન વિસ્તારમાંથી છે તેમ છતાં ગુનાનું પ્રમાણ ઘટ્યાનું કે કાબૂ હેઠળ આવ્યાનું કહી શકાય તેમ નથી.

આસામ રાજયમાં ૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન કુલ ૧૯૩ ગેંડાઓને શીંગડા કાપીને મારી નાંખવામાં આવ્યા છે. તેમાં ૧૨૬ - કાઝીરંગા, ૩૧ - ઓરંગ, ૧૧ પબીત્રા, ૭ માનસ અને ૧૫ અન્ય વન વિસ્તારોમાં મરાયા હતા.

જૂન ૨૦૧૪માં રાજય સરકાર દ્વારા વન્ય જીવ સંરક્ષણ માટે શ્વેતપત્ર પણ બહાર પાડવામાં આવેલ છે. કાઝીરંગા અને આસામ રાજયના ગેંડા વસવાટ ધરાવતાં વિસ્તારો માટે રાજયકક્ષાના કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા સ્પેશિયલ રહાઈનો પ્રોટેક્શન ફોર્સ (SRPF) પણ નિમવામાં આવી છે.

માનવની આ તે કેવી વિચિત્રતા છે કે જેના કારણે વન્યજીવોને પોતાના અસ્તિત્વની લડાઈ લડવી પડી રહી છે. તે એક શરમજનક વાત છે.

## આ 'પ્રભુ' તરત જવાબ આપે છે...!!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

મુંબઈનો આઈટી એનાલીસ્ટ અમન નારંગ ચંડીગઢ-અમૃતસર સુપરફાસ્ટ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. એણે ચાલુ ટ્રેને પાણીની બોટલ ખરીદી કે જેના પર ૧૫ રૂ ભાવ છાપેલો હતો પણ વેચનારે ૨૦ રૂપિયા લેવાનો આગ્રહ રાખ્યો. અમને રેલ્વે મીનીસ્ટ્રી અને રેલ્વે મીનીસ્ટર સુરેશ પ્રભુના ટ્વીટર એકાઉન્ટ પર ફોટા સાથે કમ્પ્લેન કરી. અમનના આશ્ચર્ય વચ્ચે મીનીટોમાં જ એને રેલ્વે મીનીસ્ટર તરફથી જવાબ મળ્યો કે કાર્યવાહી થઈ રહી છે અને એક અઠવાડિયામાં મીનીસ્ટ્રીએ વધુ પૈસા લેતા કેટરિંગ કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ સસ્પેન્ડ કર્યો એટલું જ નહિ પણ ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ કર્યો...!!! અને આ બધી જ માહિતી ખુદ મંત્રીએ અમનને આપી...!!!! નાં માનવામાં આવ્યું ને ??? ઈવન અમને પણ વિશ્વાસ નહોતો બેસ્યો...પણ આ હકીકત છે. બાપુગાડી અને બાબાગાડીની છાપ ધરાવતી આપણી ભારતીય રેલ બદલાઈ રહી છે... એકદમ ગુપચુપ અને કોઈ જ પ્રકારના દેકારા - પડકાર વગર સુરેશ પ્રભુ આણી મંડળી રેલ્વેની કાયાપલટ કરવાના ભગીરથ કામમાં લાગેલી છે.

ભગીરથ શબ્દ એટલા માટે વાપર્યો કે ભારતીય રેલ નેટવર્ક દુનિયાભરમાં સૌથી મોટું છે. દરરોજ લગભગ ૧૪૦૦થી વધુ ટ્રેન દોડાવતી ભારતીય રેલ પાસે અંદાજે ૭૦૦૦ રેલ્વે સ્ટેશન છે ૧૧ લાખ કર્મચારીનો જંગી સ્ટાફ ધરાવતી ભારતીય રેલ રોજના લગભગ ૧૩ કરોડ મુસાફરોની હેરફેર કરે છે અને લગભગ ૧૨ લાખ તન માલસામાનની. આજે જયારે જાપાન જેવા દેશમાં વર્ષોથી ૩૦૦-૩૫૦ કિ.મી.ની ઝડપે બુલેટ ટ્રેન દોડતી થઈ છે ત્યારે ભારતીય રેલની ફાસ્ટેસ્ટ ટ્રેન છે દેલ્હી-ભોપાલ શતાબ્દી કે જે મેક્સીમમ ૧૫૦ કિ.મી.ની ઝડપે દોડે છે.ભારતીય રેલ અને એનું નેટવર્ક દુનિયાભરમાં વખણાય પણ છે અને વિકસિત દેશો માટે હજુ પણ અચરજ પમાડનાર છે કેમકે ૧૬ એપ્રિલ ૧૮૫૩ માં બ્રિટીશરોએ દોડાવેલી પ્રથમ રેલને ૧૭૦ જેટલા વર્ષો થઈ ચુક્યા છે અને હજુ આજે પણ વિશ્વમાં સૌથી વધુ મુસાફરોનું વહન કરતી ભારતીય રેલની મૂળભૂત સુવિધાઓમાં ઘણી ખામીઓ છે એટલે તો શરૂઆતમાં લખ્યો એ પ્રસંગનું મહત્વ વધી જાય છે.

ભલે મોદી સરકાર 'અચ્છે દિન'; ના વાયદા કરીને સત્તા પર આવી હોય અને એ વાયદાને પુરા કરવા કમર કસી રહી હોય પણ એક વાત સત્ય છે કે વર્ષોથી વગોવાયેલા ભારતીય રેલ્વેમાં ફેરફાર કરવા રેલ્વે મીનીસ્ટ્રી અને મંત્રી સુરેશ પ્રભુ કટિબદ્ધ છે અને એમના મતે એ માટે સૌથી પહેલો બદલાવ એ લાવવો પડે કે લોકોને વિશ્વાસ બેસવો જોઈએ કે એમની ફરિયાદો, હાલાકી કે અગવડતાઓ પ્રત્યે રેલ મીનીસ્ટ્રી સભાન છે. લોકોને પડતી મુશ્કેલીઓના ત્વરિત નિવારણ માટે રેલ્વે મીનીસ્ટ્રીએ સહારો લીધો છે સોશિયલ મીડિયાનો. જો તમે રેલ મીનીસ્ટ્રી અને સુરેશ પ્રભુના ટ્વીટર એકાઉન્ટ પર જાવ તો તમને ખબર પડે કે લોકો કેવી કેવી ફરિયાદો અને અગવડતાઓ વિષે મીનીસ્ટ્રીને લખી રહ્યા છે અને મોટા ભાગના કિસ્સામાં તમારા આશ્ચર્ય વચ્ચે રેલ મીનીસ્ટ્રી એનો તોડ પણ કાઢી રહ્યું છે મદદ કરી રહ્યું છે.

૭મી ડિસેમ્બરે અમિત નારનોલી નામના પેસેન્જરે મીનીસ્ટ્રીને ટ્વીટ કર્યુ કે તેઓ સ્કુલના બાળકો સાથે સફર કરી રહ્યા છે અને ટ્રેન ૭ કલાક મોડી છે એ ઉપરાંત ટ્રેનમાં પેન્ટ્રી પણ નથી અને અમારો રૂટ પણ ડાઈવર્ત કરી દેવામાં આવ્યો છે જેને લીધે મારી સાથે રહેલા બાળકો ભૂખના માર્યા હેરાન થઈ રહ્યા છે. પ્લીઝ હેલ્પ. એક જ કલાકમાં મીનીસ્ટ્રીએ એમના સીટ નમ્બર અને મોબાઈલ નમ્બર માગ્યા અને બે જ કલાકમાં રેલ્વેએ વારાણસી સ્ટેશન પર ટ્રેનને ઉભી રખાવીને બાળકોને ફૂડ પેકેટ અને પાણીની બોટલો પહોચાડી દીધી.!!!! બીજા કોઈ ઉપયોગ કરે કે નાં કરે પણ રેલ્વે મીનીસ્ટ્રીએ વડાપ્રધાનના 'ડિઝિટલ ઈન્ડિયા' નો કોન્સેપ્ટ મુસાફરોની ભલાઈ માટે વાપરવાનું શરુ કરી દીધું છે. ૨૯ નવેમ્બરે પોતાના પક્ષઘાતવાળા પિતાને લઈને બિકાનેર જવા નીકળેલા પંકજ જૈનને જયારે ખબર પડી કે એ જયાં ઉતરવાના છે એ સ્ટેશન પર ટ્રેન ફક્ત ૩ જ મિનીટ રોકાશે તો એણે સુરેશ પ્રભુને મદદ કરવાની ટ્વીટ કરતા લખ્યું કે ૩ મિનીટમાં મારા પક્ષઘાતી પિતાને લઈને કેમ ઉતરી શકીશ? પ્લીઝ મને વ્હીલચેરની મદદ જોઈએ છે. એક જ કલાકમાં એમને વ્યવસ્થા થઈ ગઈ છે નો મેસેજ મળ્યો એટલું જ નહિ પણ એ જયાં ઉતરવાનો હતો ત્યાં ટ્રેન એક્સ્ટ્રા પાંચ મિનીટ વધુ ઉભી રાખવામાં આવી અને એ પિતા-પુત્ર શાંતિથી ઉતરી ગયા છે એની ખરાઈ કર્યા પછી જ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી...!! એ જ અઠવાડિયામાં મહારાષ્ટ્રમાં ટ્રેનમાં એકલી મુસાફરી કરી રહેલી એક મહિલાએ ટ્વીટ કર્યુ કે કોઈ લુખ્ખો એને પરેશાન કરી રહ્યો છે. પછીના જ સ્ટેશને રેલ્વે પ્રોટેક્શન ફોર્સના જવાનો આવી ગયા અને એ મહિલાની સુરક્ષા કરી અને પેલા લુખ્ખાને જેલ ભેગો.

આવું બધું વાચવા આપણે ટેવાયેલા નથી. આપણે બહુ બધા કિસ્સાઓ લંડન ટ્યુબ કે બીજા દેશોની ટ્રેનોમાં સલામતી અને મુસાફરોની સગવડતા વિષે વાંચેલા છે પણ આપણી પોતાની ભારતીય રેલ પણ આટલા ઝડપી અને સચોટ કદમો ઉઠાવે છે એ જાણીને જરા નવાઈ લાગે. લાગે કે નહી? પણ આ હકીકત છે. જો કે એવું નથી કે રેલ્વે સાવ બદલાઈ ગઈ છે અને એકદમ સફળ, સ્વચ્છ અને સુરક્ષિત થઈ ગઈ છે પણ સો ટકા ધીમે ધીમે એક બદલાવ આવી રહ્યો છે અને રેલ્વે મીનીસ્ટ્રી અને સુરેશ પ્રભુ એ એની શરૂઆત મુસાફરોને પડતી અગવડતા ને સોલ્વ કરવાથી કરી દીધી છે. રેલ મીનીસ્ટ્રીના ટ્વીટર પેઈજ પર લોકો જાતજાતની ફરિયાદો અને મદદો ઠાલવી રહ્યા છે અને સરપ્રાઈઝીન્ગલી રેલ્વે લગભગ બધી ફરિયાદોનો ઉકેલ લાવી રહ્યું છે. કોઈના હમણાં જ જન્મેલા બાળક માટે ચાલુ ટ્રેનમાં દુધની વ્યવસ્થા કરી રહ્યું છે તો કોઈના ગુમ થયેલા માલસામાનની શોધી રહ્યું છે તો કોઈ બીમાર પિતા માટે વ્હીલચે ની વ્યવસ્થા કરી રહ્યું છે તો કોઈના એક જ સંદેશ પર મીનીટોમાં ચાલુ ટ્રેને કોઈ બીમાર માટે તાત્કાલિક ડોક્ટરને પહોચાડી રહ્યું છે. રેલ હેલ્પલાઈન નમ્બર ૧૩૮ અને ૧૮૨ પર તમે કોઈ પણ મોબાઈલથી ફ્રી ફરિયાદ કે હેલ્પ નોંધાવી શકો છો અને આગળ લખ્યો એ મહિલાના કિસ્સામાં એણે ૧૮૨ પર જ કોલ કરેલો.

ઉપર લખ્યા એ અને નથી લખ્યા એ કિસ્સાઓ લખવાનું કારણ એટલું જ અત્યાર સુધી આ જ હેલ્પલાઈનો અને આ જ સિક્યુરીટી ફોર્સો અને આ જ રેલ મીનીસ્ટ્રી હતી જ પણ જો દિલમાં કશુક કરવાની ભાવના હોય તો આ જ સાધનોથી પણ મુસાફરોની સેવા થઈ જ શકે. નો ડાઉટ સુરેશ પ્રભુથી હજુકાઈ રેલવેનો એવો કોઈ ઉદ્ધાર નથી જ થયો પણ પોઝીટીવ લેવા જેવી એક વાત શરુ થઈ છે અને એ કે અત્યાર સુધી હજારો ફરિયાદો અને આજીજી છતાં પણ મુસાફરોની સગવડતા તરફ કોઈ ધ્યાન નહોતું આપતું એની જગ્યાએ નાનામાં નાની વાતોનું ધ્યાન રાખવાની કોશિશ થઈ રહી છે. હજુ ટ્રેનોમાં મળતા

અનુસંધાન પાના નં. ૭ પર

## ભારતીય જ્ઞાનપીઠનું ગૌરવ વધારતા ગુજરાતી સર્જક : ડો. રઘુવીર ચૌધરી

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો હમણા છેલ્લાં છ-આઠ મહિનાથી બિનજરૂરી વિવાદોના ચકાવામાં છે. આખા ગુજરાતમાં સાહિત્યકારો વચ્ચેના પ્રોક્સીવૉરમાં સાહિત્યકાર તરીકેની સૌની ગરિમાને ઝાંખપ લાગી રહી છે. જે ગરિમા નર્મદ, ન્હાનાલાલ, ગોવર્ધનરામ કે ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ કે રઘુવીર ચૌધરીએ ભી કરી છે તે ગરિમા ખંડિત થવાને આરે ભી છે ત્યા ગુજરાતી ભાષાના ભીષ્મ પિતામહ સમાન શ્રી રઘુવીર ચૌધરીને ભારતીય સાહિત્ય જગતનો સર્વોચ્ચ એવૉર્ડ્ ૫૧મો ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનીત કરવાની જાહેરાત થતા જ જાણે કે સાહિત્યકારોની ગરિમા પાછી ઝળહળવા લાગી હોય એવું લાગે છે. એક છોકરી રઘુવીર ચૌધરીના પ્રેમમાં પડી આવું એક ગીત મેં ત્રણેક વર્ષ પહેલા લખેલું જેમાં છેલ્લા અંતરામાં મેં એક પંક્તિ લખેલી કે છોકરીની અથવામાં આખોય જ્ઞાનપીઠ મારી આ વાસ્તવ કલ્પના આજે સાચી પડી છે. જો કે આ પુરસ્કાર તેમને થોડા અગાઉના વર્ષોમાં મળવો જોઈતો હતો. પણ કહે છે ને કે જાગ્યા ત્યારથી સવાર.

શ્રી રઘુવીર ચૌધરી ગુજરાતી ભાષાનું ગૌરવ છે. એમણે ગુજરાતીપણાને, ગુજરાતી સંસ્કૃતિને, સમાજને, લોકજીવનને અને લોકસ્વભાવને ભારતીયતાના સંદર્ભે સાહિત્યમાં જીવંત કરીને કલાત્મકરૂપ આપ્યું છે. વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે કામ કર્યુ હોવાથી આજીવન શિક્ષક તરીકેની એમની નિષ્ઠા પણ અવિસ્મરણીય છે. લખવું એ એમનો ધર્મ છે માત્ર ૨૭ વર્ષની વયે અમૃતા જેવી ક્લાસિક નવલકથા લખીને એમણે ગુજરાતી સાહિત્યને સર્જક તરીકેની પોતાની ઓળખ આપી દીધી હતી. તો વળી ૩૭ વર્ષની યુવા વયે ઉપરવાસ, અંતરવાસ અને સહવાસ જેવી મહત્વની 'નવલત્રયી આપીને આખા ભારતીય સાહિત્યનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. આ ઉપરાંત પણ એમણે ઘણી નવલકથાઓમાં પોતાની ગદ્યકલા શિલ્પકલા અને ભાષાસંવેદનકલાનો આવિર્ભાવ કર્યો છે. તો વળી ટૂંકીવાર્તા ક્ષેત્રે પણ એમનું પ્રદાન મૂલ્યવાન રહ્યું છે. નંદીઘર, ગેરસમજ, અતિથિગૃહ જેવા એમના ઘણા વાર્તા સંગ્રહો છે. માત્ર ૨૯ વર્ષની ઉંમરે તમસા જેવો પ્રશિષ્ટ કાવ્યસંગ્રહ આપનાર આ કવિ ૭૩ વર્ષની જૈફવયે વર્ષ૨૦૧૧માં સર્ગબદ્ધ પ્રબંધ કાવ્ય બચાવનામું આપીને ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરે છે. ત્યારે એમની કવિતાની ભાષા, વિચારો, સંવેદનો અને કલ્પનોની ગૌરવપ્રદ આભા પ્રગટી ઠે છે, તો વળી છ જેટલા નાટ્ય સંગ્રહો આપીને એમણે ગુજરાતી રંગભૂમિને પણ ધન્ય કરી છે. એમના નાટકોમાં પણ સામાજિક ચેતના અને ગ્રામ જીવનના વિવિધ રંગોનું આલેખન વિશિષ્ટ રીતે થયેલું જોઈ શકાય છે, આ સર્જકે વ્યક્તિલક્ષી રેખાચિત્રો પણ ઘણા આપ્યા છે. માત્ર પરિચયાત્મક કે પ્રશંસા માટે લખવાને બદલે વ્યક્તિના આંતરિક માનવીય ગૂણને ઉજાગર કરીને એમાં કલાના રંગ ભરીને ભાવકો સમક્ષ મૂક્યા છે તો વળી સહરાની ભવ્યતા અને તિલક કરે રઘુવીર ભાગ ૧/૨ જેવા નિબંધ સંગ્રહોને કોણ ભૂલી શકે? નિબંધકારે લલિત નિબંધ કોને કહેવાય એની વ્યાખ્યામાં કે સ્વરૂપગત લક્ષણોમાં પડ્યા વિના આ બે સંગ્રહો વાંચવા જોઈએ. આ સર્જકે પોતાની કલમને સાહિત્યના તમામ ક્ષેત્રોમાં ચલાવી છે. પ્રવાસ, ધર્મ ચિંતન, સંસ્કૃતિ વિશે પણ ખુબ લખ્યું છે. તો વળી વિવેચન, સંશોધન પણ એક ગરિમાયૂક્ત ઉંચાઈથી, સંશોધનાત્મક રીતિથી અને માત્ર સાહિત્યતત્વનું સાતત્ય ધ્યાનમાં રાખીને સઘળી કૃતિઓનું સૈધાંતિક વિવેચન કરીને એમની તાટસ્થ્યતાનો પરિચય આપ્યો છે. અને અનેક અવિસ્મરણીય, સંપાદનો પણ એમણે આપ્યા છે, તો વળી બીજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષાનું ય ગૌરવ વધે, એવા એમણે અનુવાદો પણ આપ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં શ્રી રઘુવીર ચૌધરી એક જ એવા સર્જક છે કે જેમણે ક્યારેય સાહિત્ય સિવાય કશું જ વિચાર્યુ નથી એમની સંપૂર્ણ નિષ્ઠા સાહિત્ય તરફની જ રહી છે. અને આ સાહિત્યનિષ્ઠાને કારણે એમણે ઘણી વખત સહન પણ કરવું પડ્યું છે. જેમના જન્મ પહેલાથી જે સર્જક અમૃતા જેવી યાદગાર કૃતિનું સર્જન કરી ચૂક્યા હોય એવા ભીષ્મ પિતામહ સમાન સર્જક વિશે ગમે તેમ લખી નાખવું એ ઊંચું મોં રાખી આકાશમાં થૂંકવા સમાન છે. આમ છતાંય શ્રી રઘુવીરભાઈ તો એમની ટીકા વાંચીને પણ મરક-મરક હસતા હોય છે. છેલ્લા ત્રીસેક વર્ષથી સાહિત્ય પરિષદની આંતરિક અને બાહ્ય વ્યવસ્થાના એ મુખ્ય સંવાહક રહ્યા છે. જરૂર પડ્યે તેઓ કડવું બોલ્યા પણ છે. અને ઘણી વખત લાંબા સમય સુધી મૌન પણ સેવ્યું છે. પણ મને દુઃખ એ વાતનું છે કે આ સર્જકનું મૌન આપણે સમજી શક્યા નથી. છેલ્લા છઆઠ મહિનાથી સાહિત્યજગતમાં ચાલતા વિવાદો સંદર્ભે તેઓ સતત મૌન રહ્યા છે. ઘણાએ એમના મોંમા આંગળા નાખીને એમને બોલાવવાના પ્રયત્નો કર્યા છે. અને એ જયારે બોલ્યા છે ત્યારે માત્ર એટલું જ કે જાવ, પહેલા ગામે ગામ જઈ બગડેલી છવિ સુધારો જે સમાજ સાહિત્યકારોને પ્રેરણાના સ્ત્રોત્ર માને છે અને તેઓ જો અંદરોઅંદર ઝગડે તો એમના દ્વારા સર્જાતા સાહિત્યની સામાજિક મૂલ્યનિષ્ઠતા કેટલી? શ્રી રઘુવીરભાઈના મૌનને રાજનીતિનું રૂપ આપવાની પણ ઘણાએ ચેષ્ટા કરી હતી. પણ આ વખતે તેમના મૌન પાછળ તેમની પીડા હતી. જે વડલાને જાતે ૨૫/૩૦ વર્ષની મ